## ડી.ડી.ઓ.ની કચેરીના રિનોવેશનનો પ્રશ્ન ચર્ચાયો

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજની સામાન્ય સભામાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરીના રિનોવેશનનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો.

આ મુદ્દે અધિકારીઓએ જવાબ આપતાં જણાવ્યુ હતુ કે કચેરી રિનોવનશન પેટે રૂ. ૧૨ લાખના ખર્ચની મંજૂરી ફાઈલ પર લેવામાં આવી હતી પરંતુ ૧૫-૬-૨૧ની સ્થિતિએ રૂ. એક લાખ એક હજાર ચારસો આઠ રૂ.નો ખર્ચ થયો છે.

૬-૬-૨૦ના રોજ રાજ્ય સરકારના ઠરાવ પછી કામગીરી સ્થગિત કરવામાં આવી છે. ૨૦-૨૧ના વર્ષમાં રિનોવેશન માટે રૂ. ૧૫૦ લાખની જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવી હતી અને ખર્ચ કરતાં પહેલા વહીવટદારે ફાઈલને મંજૂર કરી હોવાનું પણ અધિકારીઓએ જણાવ્યુ હતુ.

### સમાજ કલ્યાણ સમિતિની રચનાનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો

આજની બેઠકમાં જિલ્લા પંચાયતની સામાજિક ન્યાય સમિતિની રચનાનો મુદ્દો ચર્ચામાં આવ્યો હતો. કોંગ્રેસના રશ્મિનજી ઠાકોરે આ મુદ્દો રજુ કર્યો હતો જેમાં ધારાસભ્ય બળદેવજી ઠાકોરે સાથ આપી રચના અંગે કાયદાકીય જોગવાઈઓ ચકાસી જવા આગ્રહ કર્યો હતો. તેમણે આ રચનાને લઈ પંચાયત અધિનિમયની જોગવાઈઓ સાથેના લેખિત વાંધા પણ રેકર્ડ પર રજુ કર્યા હતા.

### સાઈટની જમીનને ક્યારે બિનખેતીની મંજૂરી અપાઈ : શિલ્પાબેન

ભાજપના સભ્ય શિલ્પાબેન પટેલે સઈજ ગામના સર્વે નં. ૭૪ની બિનખેતીની પરવાનગી અંગેનો પ્રશ્ન રજુ કર્યો હતો. તેમણે પૂરક પ્રશ્નોની ઝડીઓ વરસાવી હતી પરંતુ તંત્રએ આ મુદ્દે ગોળ-ગોળ જવાબો આપી પ્રશ્નનું ફિંડલુ વાળી દીધુ હતી.

ભાજપના અનિલભાઈ પટેલે પણ પૂરક પ્રશ્નો પુછવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ અધિકારીઓના વલણને જોઈ તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતુ. આ જમીનની બીન ખેતીની પરવાનગી ૨૦૦૭ ના જાન્યુઆરી માસની કારોબારી સમિતિની બેઠકમાં આપવામાં આવી હોવાનું જણાવાયુ હતુ.

### વિલેજ હેલ્થ કમિટીની ઓગષ્ટના અંત સુધીમાં ૧૪૦૦ બેઠક મળી

કોંગીના અજીતસિંહ રાઠોડે વિલેજ હેલ્થ કમિટી અને બ્લોક હેલ્થ કમિટીની રચના અને તેની બેઠકો અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ જણાવ્યુ હતુ કે ૪ તાલુકામાં ૨૮૪ વિલેજ હેલ્થ કમિટીની રચના થયેલ છે. બ્લોક હેલ્થ કમિટીની રચના થયેલ નથી. વિલેજ હેલ્થ કમિટીની દર માસમાં બેઠક મળે છે. ઓગષ્ટ-૨૧ના અંત સુધીમાં ૧૪૦૦ મિટીંગો મળી છે.

તેમણે જણાવ્યુ હતુ કે ગામમાં રોગચાળાને લગત પ્રવૃત્તિઓ અંતર્ગત થયેલ ખર્ચ અંગે કાર્યવાહી તેમજ અમલવારી કરવામાં આવેલ છે.

ડૉ. સોલંકીએ જણાવ્યુ હતુ કે ડિસ્ટ્રીક્ટ હેલ્થ મિશનની બેઠક માટેનું આયોજન કોરોના મહામારીને કારણે વિલંબમાં જરૂર પડ્યુ છે પણ તે બેઠક ટૂંકમાં જ યોજવામાં આવશે તેવી તેમણે ખાત્રી આપી હતી.



**વોર્ડ નં.૬માં કોંગ્રેસના ઉમેદવારોને હારતોરા કરતાં વસાહતીઓ**

શહેરમાં ચુંટણી પ્રચારનો જબરદસ્ત માહોલ છવાઈ રહ્યો છે. મનપાના વોર્ડ નં. ૬માં કોંગ્રેસના ચારેય ઉમેદવારોએ સાથે મળીને ડોર-ટુ-ડોર પ્રચાર કર્યો હતો જે દરમ્યાન સ્થનિમ વસાહતીઓએ તેમને હારતોરાં કરીને આવકાર્યા હતા.

# શહેરમાં સાંજે વરસાદના ભારે ઝાપટાથી ચોમેર પાણી ભરાયા

### શહેરમાં સિઝનનો ૩૬૧ મી મી વરસાદ : દિવસના ઉકળાટના અંતે સાંજના ઝાપટાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી

ગાંધીનગર તા ૨૩

શહેરમાં વાદળિયા વાતાવરણના અંતે ગઈકાલે આખો દિવસ વરસાદે વિરામ લીધો હતો જો કે રાત્રિના સમયે વરસાદી છાંટણાના લીધે ભીંજારો પ્રવર્તયો હતો જયારે આજે પણ દિવસ દરમિયાન ઉકળાટના અંતે સાંજના સમયે વરસાદના ભારે ઝાપટાના લીધે પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. શહેરમાં અત્યાર સુધીમાં સિઝનનો ૩૬૧ મી મી વરસાદ નોંધાયો છે. આજે સાંજે પણ ૮.૫ મી મી વરસાદ થયો હતો. જેના લીધે સેકટરોમાં ઠેર ઠેર વરાસાદી પાણી ભરાયા હતા.

શહેરમાં ગઈકાલે વરસાદે વિરામ લીધો હતો. દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે પણ વરસાદની ગેરહાજરી રહી હતી જો કે રાત્રિના સમયે વરસાદી છાંટણા વરસતા ભીંજારાનો માહોલ યથાવત રહ્યો હતો. અત્યાર સુધી શહેરમાં સિઝનનો ૩૧૬ મી મી વરસાદ વરસ્યો છે. જયારે આજે પણ દિવસ દરમિયાન વાદળિયુ વાતાવરણ રહ્યુ હતુ. જયારે સાંજના સમયે અચાનક જ આકાશમાં કાળા ડીંબાગ વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. પલવારમાં જ વરસાદના ભારે ઝાપટાથી ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. કાદવ કિચ્ચડની સાથે સેકટરોમાં એકબાજુ વરસાદી પાણી ઓસર્યા ન હતા ત્યાં આજે સાંજના ઝાપટાથી કોમન પ્લોટ તેમજ સેકટરોના રીંગ રોડ પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. સાંજના સમયે ૮.૫ મી મી વરસાદ વરસ્યો હતો. વરસાદી ઝાપટાના લીધે વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૩૬૧ મી મી વરસાદ વરસ્યો છે. અલબત્ત ૧૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જો કે હજુ પણ વરસાદી વાદળો યથાવત રહેતા વરસાદની આશા મંડરાઈ છે.

## મહિલા અધિકારી સાથે ગેરવર્તુણૂંક કરનાર પદાધિકારી સામે કાયદાકીય કાર્યવાહી કરો : બળદેવજી ઠાકોર

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લા પંચાયતના પદાધિકારી દ્વારા મહિલા અધિકારી સાથે કરાયેલ ગેરવર્તુણૂંકના મુદ્દે પદાધિકારી સામે કાયદાકીય પગલાં લેવામાં આવે તેવી સ્પષ્ટ સામાન્ય સભામાં કોંગ્રેસના ધારાસભ્ય બળદેવજી ઠાકોરે કરી હતી.

તેમણે કહ્યુ કે અત્યાર સુધી કોંગ્રેસ સત્તા પર હતી પરંતુ આવી ઘટના બની નથી. તેમણે કહ્યુ કે બનેલી ઘટના અને અખબારી અહેવાલોથી અમારૂ માથુ શરમથી ઝુકી જાય છે. તેમણે કહ્યુ કે એક તરફ "બેટી બચાવો ના પોસ્ટરો પ્રધાનમંત્રીના ફોટા સાથે છપાય" અને તેમના જ પક્ષના શાસનમાં આવી ઘટનાઓ શોભા નથી આપતી.

ઠાકોરે જણાવ્યુ હતુ કે જિલ્લા વિકાસ અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી, ગ્રામ્ય વિકાસ એજન્સીના નિયામક સહિત ઘણી બધી મહિલા અધિકારીઓ મહત્વની જવાબદારી નિભાવી રહી છે પણ મર્યાદાનું પાલન થવુ જોઈએ.

જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ગુણવંતસિંહ ચાવડાએ કહ્યુ હતુ કે બનાવ દુઃખદ અને પીડાદાયક છે અમારા પક્ષે આ મુદ્દો ખુબ જ ગંભીરતાથી લીધો છે અને આ બાબતે યોગ્ય સમયે યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેની હું પક્ષ વતી ખાત્રી આપુ છુ.

આ મુદ્દાની સાથે પંચાયતમાં દારૂ પી ને આવતા તલાટીનો મુદ્દો રશ્મિનજી ઠાકોરે રજુ કર્યો હતો તો કોંગીના અજીતસિંહ રાઠોડે પણ આવો જ મુદ્દો રજુ કરી જણાવ્યુ હતુ કે એક તલાટીએ તો મહિલા અધિકારી સાથે ગાળાગાળી કરી હતી આ વાતો રેકર્ડ પર છે. આવા લોકો સામે સખ્તાઈથી પગલાં ભરવામાં આવે. આ મહિલા સન્માનની આપણી સંસ્કૃતિ માટે લાંછનરૂપ કિસ્સાઓ છે.



સેક્ટર-૧૩ નંદનવન આશ્રમ શાળાના બાળકોને ફલેવર્ડ દૂધ સાથે નાસ્તા અને ફળનું વિતરણ જલીયાણ ગૃપ દ્વારા કરવામાં આવ્યુ હતુ. ભાદરવી પૂનમના પાવન દિવસે આ સેવાકાર્ય કરવામાં આવ્યુ હતુ.



ભારતીય જનતા પાર્ટી દ્વારા વોર્ડ નં. ૩ ના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનો પ્રારંભ સેક્ટર-૨૪માં કરાયો હતો. મહાનગરપાલિકાના ભાજપના ચૂંટણી ઈન્ચાર્જ અમિત ઠાકર, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ અને ગાંધીનગર મહાનગરપાલિકા ભાજપ પ્રમુખ રૂચિરભાઈ ભટ્ટ આ અવસરે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો હતો.

## શહેરના સરકારી આવાસોમાં બિનઅધિકૃત કબજેદારોના ૪૭ કીસ્સામાં કોર્ટ કેસ

### અગાઉના વર્ષો જુના કેસ પણ હજુ પેન્ડીંગ : આવાસોની ફાળવણીની પ્રક્રીયા સરળ બનાવવા બિન અધિકૃત કબજેદારોને પણ દુર કરવા પ્રબળ માંગણી

ગાંધીનગર તા ૨૩

શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. આ ઉપરાંત સેકટરોના આવાસોમાં બિન અધિકૃત કબજેદારોની સંખ્યા પણ વિશેષ હોવાનુ મનાય છે. ત્યારે ચાલુ વર્ષ દરમિયાન તંત્રએ હાથ ધરેલી ઝુંબેશના અંતે ૪૭ કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરવામાં આવ્યા છે. જો કે આ મામલે હજુ ઈવિકશન કોર્ટમાં પણ વર્ષો જુના કેસ પેન્ડીંગ છે.

શહેરમાં એકબાજુ રહેણાંકને લાયક સરકારી આવાસો રહ્યા નથી ત્યારે નવા મકાનો પણ બાંધવામાં આવી રહ્યા છે. સેકટરોમાં મજબુતીકરણ હેઠળ પણ ઘણાં આવાસોને આવરી લેવાયા છે. પરંતુ જોખમી મકાનોની સંખ્યા વિશેષ હોવાના લીધે કર્મચારીઓને આવાસ ફાળવવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. જોખમી મકાનોનો કડુસલો કરાયા બાદ હાલની સ્થિતિએ રહેણાંકના મકાનોની સંખ્યા ઘટી ગઈ છે. બીજીતરફ આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થઈ છે. આ સ્થિતિ વચ્ચે શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસોમાં હજુ પણ બિન અધિકૃત કબજેદારોનો વસવાટ છે. ત્યારે આવા કીસ્સામાં મકાનો ખાલી ન કરતા કબજેદારો સામે તંત્રએ અગાઉ સર્વેના અંતે કોર્ટ કેસ પણ દાખલ કર્યા હતા આ વર્ષ દરમિયાન જ ૪૭ કીસ્સામાં કોર્ટ કેસ દાખલ કરાયા છે. જો કે અગાઉના વર્ષોના પણ કેસ ઈવિકશન કોર્ટમાં પેન્ડીંગ છે. જેનો લાંબા સમયથી નિકાલ આવ્યો નથી. ચાલુ વર્ષ દરમિયાન પણ સેકટરોમાં બિન અધિકૃત કબજેદારોને આવાસ ખાલી કરાવવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેના અંતે તંત્રએ ૪૭ કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. બિન અધિકૃત કબજેદારોને ઝડપથી દુર કરવામાં આવે તો પણ પ્રતિક્ષા યાદીના અરજદારાને ન્યાય મળે તેવો સુર પણ ઉઠવા પામ્યો છે.

## મનપાનો જંગ જીતવા કોંગ્રેસે ઉમેદવારો કાર્યકરો સાથે મળીને વ્યુહરચના ઘડી



ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીઓના મતદાનની તારીખ જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ શહેરમાં ચૂંટણી પ્રચાર વેગવંતો બની રહ્યો છે. ત્રિપાંખિયો જંગ સાથે રોમાચંક બનેલા ચૂંટણી પ્રચારમાં કોંગ્રેસ પાર્ટીના કાર્યકારી શહેર પ્રમુખ પ્રદિપસિંહ વાઘેલા દ્વારા બુધવારે રાત્રે સેક્ટર-૧૬માં બ્રહ્મ સમાજ ભવન ખાતે કોંગ્રેસ પાર્ટીના મનપાના તમામ ઉમેદવારો તેમજ સંગઠનના હોદ્દેદારો-કાર્યકરોની બેઠક યોજીને ચૂંટણીપ્રચાર માટે વ્યૂહરચનાનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં કોંગ્રેસના સ્થાનિક ધારાસભ્ય ડો.સી જે ચાવડા, પ્રદેશ પ્રવકતા જયરાજસિંહ પરમાર, મહામંત્રી નિશિત વ્યાસ,દહેગામના પૂર્વ ધારાસભ્ય કામિનીબા રાઠોડ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભી, યુવરાજસિંહ રાણા સહિત સંગઠનના પૂર્વ અને વર્તમાન હોદ્દેદારો, ઉમેદવારો તથા મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યાં હતા. કોંગ્રેસના અગ્રણી નેતાઓએ બેઠકમાં ઉમેદવારો તથા કાર્યકરોને ચૂંટણી પ્રચાર કેવી રીતે કરવો તે અંગેની રીતરસમો તેમજ વ્યૂહરચના સમજાવીને સતત સજાગ અને સતર્ક રહીને કાર્ય કરવા પ્રોત્સાહિત કર્યા હતા.



ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીનો ધમધમાટ ચાલી રહ્યો છે. વોર્ડ નં. ૮ માં સમાવિષ્ટ પોર ગામમાં આમ આદમી પાર્ટી દ્વારા ડોર ટુ ડોર પ્રચાર કરાયો હતો. આમ આદમી પાર્ટી ગુજરાતના નેતાઓ પ્રચારકાર્યમાં જોડાયા હતા.

## લાયન્સ કલબ ઓફ હેરીટેજ દ્વારા ચાર દિવસીય વિવિધ સેવાકાર્યો યોજાયા

ગાંધીનગર,તા.૨૩

લાયન્સ કલબ ઓફ અમદાવાદ હેરીટેજના પ્રમુખ જયેશભાઈ ચાવડાના જન્મદિન નિમિતે ગાંધીનગર ખાતે ચાર દિવસીય સેવા રથનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ રોગ નિદાન કેમ્પ, સિનિયર સિટીઝન કેર પ્રોગામ, ચાઈલ્ડ વેલ્ફેર પ્રોગામ અને કરૂણા દિવસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ સેવાકીય કાર્યો કરીને જન્મદિનની અનોખી ઉજવણી કરી હતી.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન નિમિતે ચાર દિવસીય સેવા રથનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રથમ દિવસે પ્રજાપતિ સમાજની વાડી, ખાંટા આંબા માણસા ખાતે સર્વ રોગ નિદાન કેમ્પ, આઈ ચેક અપ કેમ્પ, તેમજ બલ્ડ ડોનેશન કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કેમ્પમાં ૬૪૫ લાભાર્થીઓએ ચેકઅપ કેમ્પનો લાભ લીધો હતો.જયારે ૧૪ હરસ મસાના ઓપરેશન કરાયા હતા, તે ઉપરાંત ૩૨૨ આંખના નંબરના ચશ્માનું વિતરણ વિના મુલ્યે કરાયુ હતું. આ પ્રસંગે ભાજપના આગેવાન અમિતભાઈ ચૌધરી અને ગાંડાભાઈ આર ચૌધરી હાજર રહ્યા હતા. જયારે બીજા દિવસે તા.૧૮ ના રોજ રાહેલબા વૃધ્ધાશ્રમની મુલાકાત લઈને તમામ અશકત વડીલોને જીવન જરુરીયાત કીટનું વિતરણ કરાયું હતું. સેવા રથના ત્રીજા દિવસે તા.૧૯ ના રોજ લાયન્સ કબલ ઓફ હેરીટેજ દ્વારા સ્પેશીયલ ચિલ્ડ્રન હોમ સેકટર-૧૯ મુલાકાત લઈને હોમના ૩૧ બાળકોને ટી શર્ટ કાર્યક્રમના અધ્યક્ષતા લાયન દિપ્તી ગોહિલના હસ્તે આપવામાં આવ્યા હતા. સેવારથના ચોથા દિવસે તા.૨૦ ના રોજ કરૂણા દિવસે જયેશ ચાવડાના જન્મ દિને ગાંધીનગરના મુકિતધામ ખાતે અનેક સેવાકીય કાર્યક્રમ યોજાયા હતા.

જેમાં જયેશભાઈના દિવંગત માતા-પિતાના સ્મર્ણાથે બેસવા માટે બાંકડાઓનું લોકાર્પણ રાષ્ટ્રીય કિસાન મોરચાના મહામંત્રી બાબુભાઈ જેબલીયા દ્વારા કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે જીલુભા ધાંધલ (સૌરાષ્ટ્ર કચ્છ સેવા સમાજ) હાજર રહ્યા હતા. જયારે મુકિતધામના સ્ટાફને કોરોના વોરીયર્સ તરીકે સર્ટીફિકેટ અને ૪૧ રોપાઓનું વાવેતર કરાયું હતું. જયારે મુકિધામ ખાતે યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પમાં ૪૧ બોટલ રકત એકત્ર કર્યું હતું.



### સાયન્સ સિટી ખાતે જાણીતા વિજ્ઞાની માઈકલ ફેરેડેની જન્મજયંતિ ઉજવાઈ

ગુજરાત સાયન્સ સિટી ખાતે તા.૨૨ સપ્ટેમ્બરે વિજ્ઞાની માઈકલ ફેરેડેની બર્થ એનિવર્સરી નિમિતે બાળકો માટે ખાસ સેશન્સ અને હેંડ્સ ઓન એક્ટિવિટીઝનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉજવણીમાં એસ એસ ડિવાઈન સ્કૂલના ૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઝે ભાગ લીધો હતો. કાર્યક્રમમાં વિવિધ હેંડ્સ ઓન એક્ટિવિટીઝ માઈન્ડસ ઓન એક્સપોઝર અને સાયંટિફિક સેશન્સ દ્વારા વિદ્યાર્થીઓને માઈકલ ફેરેડેની સિદ્ધિઓ અને શોધોથી માહિતગાર કરાયા હતા.

**સૌને ચોંકાવ્યા...** ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બાબતે ઝડપથી કાર્યવાહી કરવાની ખાત્રી આપવામાં આવી હતી. જિલ્લા પંચાયતમાં આજે પ્રશ્નોત્તરી દરમ્યાન તંત્રને વિપક્ષે બરાબર ભીંસમાં લીધુ હતુ. આજની બેઠકમાં દર મહિનાના ત્રીજા ગુરૂવારે તાલુકા વિકાસ અધિકારીઓ અને શાખાધિકારીઓની સંકલન સમિતિની બેઠક યોજવાનો મહત્વનો પ્રસ્તાવ અધ્યક્ષસ્થાને રજુ કરી પ્રમુખે સૌના દિલ જીતી લીધા હતા.

જિલ્લામાં વાહકજન્ય રોગચાળાના નિયંત્રણ માટે ૧૨ ફોગીંગ મશીન ખરીદવાનો પણ પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. રેતી-કાંકરીની ગ્રાન્ટમાંથી પણ સભ્યોના વિસ્તારમાં વિકાસ કામોને ઝડપથી વહીવટીય મંજૂરી આપવાનો પ્રસ્તાવ પણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો હતો.

**જોરદાર તેજી...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીસમાં ૨.૪૩ ટકા, ઈન્ડસઈન્ડ બેક્રમાં ૨.૩૮ ટકા અને એચડીએફસી બેક્રમાં ૨.૩૩ ટકાનો ઊછાળો નોંધાયો હતો. આ ઉપરાંત આઈસીઆઈસીઆઈ બેક્ર, કોટક મહિન્દ્રા બેક્ર, ઈન્ફોસિસ, એનટીપીસી, બજાજ ફાયનાન્સ, ટાટા સ્ટીલ, ટાઈટન, બજાજ ઓટો, પાવર ગ્રિડ, એચસીએલ ટેક, એમએન્ડએમ, ટેક મહિન્દ્રા, મારુતી, ટીસીએસ, સન ફાર્મા, અલ્ટ્રાટેક સિમેન્ટ અને એશિયન પેઈન્ટ્સના શેર લીલા નિશાન પર બંધ થયા. ડો રેડ્ડીસ, આઈટીસી, નેસ્લે ઈન્ડિયા, એટયુએલ અને ભારતી એર ટેલના શેર લાલ નિશાન સાથે બંધ થયા હતા. એલકેપી સિક્યોરિટીસના પ્રમુખ (શોધ) એસ.રંગનાથને કહ્યું કે, મોનસૂનની પ્રગતી અને વેક્સિનેશનની તેજ ગતિ જેવા સકારાત્મક સંકેતોથી શેર બજારોમાં બારે તેજી જોવા મળી અને સેન્સેક્સ ૬૦ હજાર પોઈન્ટની આસપાસ બંધ થયું. મહામારી દરમિયાન સરકાર દ્વારા લેવાયેલા પગલાંની અસર હવે જોવા મળી રહી છે અને એના લીધે જ મીડિયા ઈન્ડેક્સને બાદ કરતા બાકીના તમામ સેક્ટોરલ ઈન્ડેક્સ વધારા સાથે બંધ થયા. રિયલ એસ્ટેટ સેક્ટરને લઈને સકારાત્મક સમાચારો આવ્યા બાદ આ સેક્ટર અને મોર્ગેજ કંપનીઓના શેરોમાં ઊછાળો જોવા મળ્યો.

**ફગાવી દીધો...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવાની જરૂર નથી. હાલમાં તેમની કામગીરી પર નરજ રાખવાની જરૂર છે. તાલિબાને યુએનમાં સભ્યપદ માંગ્યુ છે અને એટલુ જ નહીં યુએનની સામાન્ય સભામાં ભાષણ કરવા માટે પણ મંજૂરી માંગી છે. તે જ સમયે ચીને તાલિબાનની તરફેણ કરવા માટે આ પ્રસ્તાવ મુક્યો છે. જ્યારથી અફઘાનિસ્તાનમાં તાલિબાને સત્તા કબ્જે કરી છે ત્યારથી ચીન ખુલ્લેઆમ તાલિબાનનુ સમર્થન કરી રહ્યુ છે.

વૈશ્વિક સ્તરે પાકિસ્તાનની સાથે સાથે ચીન અને રશિયા પણ પૂરજોશમાં તાલિબાનને માન્યતા અપાવવા માટે પ્રયાસ કરી રહ્યા છે. સાથે સાથે અફઘાનિસ્તાનની સાથે ચીન, પાક, ઈરાન, તાજિકિસ્તાન, તુર્કમેનિસ્તાન અને ઉઝબેકિસ્તાનનુ એક ગ્રૂપ બનાવવા માટે પણ હિલચાલ શરૂ થઈ છે.

**એમએસપી પર...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉત્તરાખંડ મહાપંચાયત યોજી રહ્યા છે. આરએસએસ સાથે જોડાયેલા ભારતીય કિસાન સંઘે પણ એમએસપી પર ગેરંટી કાયદાની હિમાયત કરી છે. દરમિયાન કેન્દ્ર સરકાર તરફથી એમએસપીને કાયદેસર બનાવવાના સંકેતો છે. પશ્ચિમ યુપીમાં પાર્ટીના ધારાસભ્યો અને નેતાઓના વિરોધને કારણે પણ આ કામ યુપી વિધાનસભાની ચૂંટણી પહેલા થઈ શકે છે. ખેડૂતની છબી ધરાવતા ભાજપના નેતાઓએ પણ શેરડીના દર વધારવા માટે હાઈકમાન્ડને સૂચન કર્યું છે.

**લોન્ચ થશે...** ● અનુસંધાન પહેલાનું ચાલુ

નથી કે તે આધારકાર્ડથી જ બનાવવામાં આવે, માત્ર ફોન નંબરની મદદથી પણ યુનિક આઈડી બનાવવામાં આવી શકશે. આધારને યુનિક હેલ્થ આઈડી તરીકે ઉપયોગ કેમ કરી શકાતો નથી. આનો જવાબ આપતા મંત્રાલયે પહેલા જ જણાવ્યુ કે આધારને માત્ર તે સ્થળો પર લિંક કરવુ જરૂરી છે જ્યાં ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફરની વાત હોય. આનો ક્યાંય બીજે ઉપયોગ કરી શકાતો નથી. પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશનને પહેલા આ સ્કીમને નેશનલ ડિજિટલ હેલ્થ મિશન કહેવામાં આવતુ હતુ. વડાપ્રધાન ડિજિટલ હેલ્થ મિશન હાલ પાયલટ પ્રોજેક્ટ તરીકે ચલાવવામાં આવી રહ્યુ છે. જેના હેઠળ કેન્દ્ર શાસિત પ્રદેશ અંડમાન અને નિકોબાર દ્વીપ સમૂહ, ચંદીગઢ, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ, લદાખ, લક્ષદીપ અને પોંડીચેરીમાં આંકડા એકત્ર કરવામાં આવી રહ્યા છે.

## રાજ્યમાં ગુટકા, તમાકુ કે નીકોટીન યુક્ત પાન મસાલા વેચાણ, સંગ્રહ અને વિતરણ પરનો પ્રતિબંધ વધુ એક વર્ષ લંબાવાયો

રાજ્યમાં ગુટકા તેમજ તમાકુ કે નીકોટીન યુક્ત પાન મસાલાના વેચાણ, સંગ્રહ અને વિતરણ પર હાલ પ્રતિબંધ છે. આ પ્રતિબંધ નાગરિકોનું સ્વાસ્થ્ય વધુ સુદ્રઢ બને તે માટે વધુ એક વર્ષ સુધી લંબાવવાનો નિર્ણય કર્યો હોવાનુ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા જણાવાયુ છે. ફૂડ સેફટી સ્ટાન્ડર્ડ એકટ-૨૦૦૬ અન્વયેના નિયમો તથા રેગ્યુલેશન-૨૦૧૧ હેઠળ આ પ્રતિબંધ મૂકાયો છે. જે હેઠળ કોઈપણ ખાદ્યચીજમાં તમાકુ કે નીકોટીન ઉમેરવુંએપ્રતિબંધ છે. ગુટકામાંતમાકું કે નીકોટીનની હાજરી હોવાથી માનવ આરોગ્યને ખૂબ જ નુકશાન થતું હોય છે. જેથી નાગરિકો તથા ભાવિ પેઢીના સ્વાસ્થ્યને જાળવી રાખવા માટે ગુટકા પર પ્રતિબંધ મૂકવો જરૂરી હોઈ આ નિર્ણય કરાયો છે.

રાજ્ય સરકાર દ્વારા ગુટકા કે પાન મસાલા કે જેમાં તમાકુ કે નીકોટીનની હાજરી હોય તેના વેચાણ, સંગ્રહ વિતરણ પર પ્રતિબંધ માટે નિર્ણય કર્યો છે. આ નિયમનો ભંગ કરનાર સામે કડક હાથે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.